# શ્રી આર.એન.પટેલ, પ્રિસાઈડીગ ઓફીસર, મજુર અદાલત, સુરત.

**રેફરન્સ** (T) **નં. ૪૨/૨૦૧૪**

**પ્રતિનિધિઓ :** પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિધ્વાન વકીલશ્રી કે.એન.ચૌહાણ.
પ્રથમ પક્ષકાર ન.૨ થી ૪ તરફે : વિધ્વાન વકીલશ્રી પી.એફ.બક્ષી.
બીજા પક્ષકાર તરફેઃ પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.

## –:: આંક–૨૦ની અરજી નીચે હુકમ ::–

**(૧)** બીજા પક્ષકારે **આંક–૨૦** થી નીચે મુજબની અરજી આપેલ છે.

સદર કામમાં પ્રથમ પક્ષનાઓ તરફથી આ કામમાં જવાબ રજુ કરેલ હોય, જેમાં જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે તકરાર ખોટી અને ઉપજાવી કાઢેલ છે, અમારા કેસની તકરારો ઉભી રાખી અને અમારા નોકરીના હકકોને બાધ ન આવે તે રીતે પ્રથમ પક્ષના નં.૪ એ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે, જેમાં એવુ જણાવેલ છે કે "બીજા પક્ષકાર સ્વૈચ્છાએ કામ પર આવતા બંધ થઈ ગયેલ અને તે બાબતનું લખાણ બીજા પક્ષકારે તા.૪/૬/૨૦૧૩ નારોજ લખી આપેલ અને ત્યારબાદ અન્ય જગ્યાએ મજુરીએ લાગી ગયેલ છે, સબબ અમો પ્રથમ પક્ષના નં.૪ નાએ બીજા પક્ષકારને નોકરીમાંથી કાઢી મુકયા નથી છુટા કર્યા નથી કે બરતરફ કર્યા નથી પરંતુ બીજા પક્ષકાર સ્વૈચ્છાએ નોકરી છોડી ગયા છે અને બીજે કામધંધે લાગી ગયા છે." આ મુજબની તકરાર પ્રથમ પક્ષના નં.૪ એ ઉપસ્થિત કરેલ છે, ખરી હકીકતમાં અમો બીજા પક્ષનાએ સ્વૈચ્છાએ નોકરી છોડી નથી અને અન્ય બીજે કામેધંધે લાગી ગયા નથી અને અમો બીજા પક્ષના હાલ પણ બેકાર છે, જેથી પ્રથમ પક્ષના નં.૪ ના લેખિત જવાબ મુજબ અમો આ કેસ ઉભો રાખી અમો તાત્કાલિક પ્રથમ પક્ષના નં.૪ ની સંસ્થામાં નોકરીની ફરજ બજાવવા રાજીખુશી અને તૈયાર છીએ. પ્રથમ પક્ષનાઓની સંસ્થામાં પહેલા પણ અને હાલ પણ નોકરીની ફરજ બજાવવા રાજીખુશી અને તૈયાર હતા અને આજે પણ રાજીખુશી છીએ અને પ્રથમ પક્ષના નં.૪ મને મુળ જગ્યાએ નોકરીની ફરજ પર હાજર કરે તેવો હુકમ ફરમાવશોજી. તથા સદર કેસમાં માંગણાનાં નિવેદનમાં અમોએ જે દાદ માંગેલ છે તે દાદ ઉભી રાખી હું સામાવાળાની સંસ્થામાં નોકરીની ફરજ બજાવવા રાજી છું.

**(૨)** પ્રથમ પક્ષકાર નં.૧ એ બીજા પક્ષકારની સદરહુ અરજી વિરૂઘ્ધ **આંક–૨૩** થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. તેમના જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર નં.૪ એ રજુ કરેલ જવાબમાં જણાવેલ છે કે તેઓ બીજા પક્ષકાર કામદારને પગારપત્રક ઉપર કામે રાખેલ અને જરૂર પડે બીજા પક્ષકાર પાસ ે કામ કરાવતા હતા વેતન ચુકવી આપતા હતા. તે ઉપરાંત બીજા પક્ષકાર સ્વેચ્છાએ કામ ઉપર આવતા બંધ થઈ ગયેલ અને પ્રથમ પક્ષકાર નં.૪ એ છુટા કરેલ હતા તેવુ જણાવેલ. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૪ કોન્ટ્રાકટરે કામે રાખેલ અને તેમના કોન્ટ્રાકટમાં કામ કરતા હતા અને છુટા કરવાનો ઝઘડો પણ પ્રથમ

પક્ષકાર નં.૪ તથા બીજા પક્ષકાર વચ્ચેનો હતો અને આવો ઝઘડો પ્રથમ પક્ષકાર નં.૧ સાથે કયારેય ન હતો પ્રથમ પક્ષકાર નં.૧ સાથે સદરહુ કામદારને કયારેય પ્રત્યકે કે પરોક્ષ રીતે કામદાર માલિક તરીકેનો સીધો સંબંધ રહેલ ન હતો. બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર પૈકી નં.૪ પાસે દાદ માંગી છે. બીજા પક્ષકાર કામદારે કામ ઉપર ચઢી જવાબ તૈયારી બતાવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૪ ના જવાબ ઉપરથી બીજા પક્ષકારે તેમના ત્યાં કામ કરતા હતા એટલે પ્રથમ પક્ષકાર નં.૪ તેઓને કામ ઉપર ચઢાવી લે તેવી દાદ માંગી છે. મુળ ટર્મન્સ ઓફ રેફરન્સ જોતાં પણ પડેલા દિવસોના પગાર સાથે કામ ઉપર ચઢવા /પુનઃસ્થાપિત કરવા જણાવેલ છે. ટર્મન્સ ઓફ રેફરન્સ જોતા જો નામદાર કોર્ટ ધ્વારા બીજા પક્ષકારે જે વચગાળાની દાદ માગી છે તે મંજુર કરવામાં આવે તો મુળ દાદ બીજા પક્ષકારને કોઈપણ જાતના પુરાવા રજુ કર્યા વગર કે સાબિતી કર્યા વગર મળી જાય તેમ છે. એટલે મુળ દાદ અંગે વચગાળાનો હુકમ થઈ શકતો નથી કે નામદાર કોર્ટને તેવો વચગાળાનો હુકમ કરવાની કોઈ હકુમત નથી તેમ જણાવી બીજા પક્ષકારની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૩) પ્રથમ પક્ષકાર નં.ર અને ૩ નાએ બીજા પક્ષકારની સદરહુ અરજી વિરૂઘ્ધ તેમનો કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી.

(૪) પ્રથમ પક્ષકાર નં.૪ નાએ બીજા પક્ષકારની અરજી વિરૂઘ્ધ **આંક–ર૧** થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. તેમના જણાવ્યા પ્રમાણે બીજા પક્ષકારની સદરહુ અરજી માત્ર પ્રથમ પક્ષકાર નં.૪ વિરૂઘ્ધ આપવામાં આવેલ છે. જેથી સદરહુ અરજી ટર્મન્સ ઓફ રેફરન્સ વિરૂઘ્ધની હોવાથી નામદાર કોર્ટ સદરહુ અરજીનો ન્યાય,નિર્ણય કરી શકે નહિં. બીજા પક્ષકારે તેમના માંગણાનાં નિવેદનના પેરા–૮(૧) મા જે દાદ માંગી છે તે માત્ર પ્રથમ પક્ષકાર નં.૧ સામે માંગી છે અને સદરહુ પેરા ૮ ની દાદમાં પ્રથમ પક્ષકાર નં.૪ સામે સ્પષ્ટપણે કોઈ દાદ માંગવામાં આવેલ નથી. સદરહુ અરજી માત્ર પ્રથમ પક્ષકાર નં.૪ સામે આપવામાં આવેલ છે. જે કાયદા પ્રમાણે ટર્મન્સ ઓફ રેફરન્સ વિરૂઘ્ધ હોવાથી ચાલી શકે તેમ નથી. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૪ ને ત્યાં કદાપી છેલ્લા ૧ર માસમાં ર૪૦ દિવસનું કામ કરેલ નથી. જેથી બીજા પક્ષકાર સદરહુ રેફરન્સમાં જે દાદ માંગે છે તે મળી શકે તેમ નથી તેમજ પેરા–૧પ માં પણ તકરાર લીધેલ છે કે "બીજા પક્ષકાર પાસેથી જયારે જયારે જરૂર પડે ત્યારે ત્યારે જુદા જુદા સમયગાળા માટે હેલ્પર તરીકે કામ કરાવેલ છે. અને બીજા પક્ષકારના હાજર દિવસોની ગણતરી મુજબ વેતન ચુકવેલ છે. અને બીજા પક્ષકાર હમારો કાયમી કામદાર નથી. છેલ્લા ૧ર માસમાં બીજા પક્ષકાર અમો પ્રથમ પક્ષકાર નં.૪ ને ત્યાં ર૪૦ દિવસ કામ કરેલ નથી. બીજા પક્ષકાર સ્વેચ્છાએ નોકરી છોડી કામ ધંધે લાગી ગયા છે. સદર તમામ તકરારો તેઓએ તેમના લેખિત જવાબમાં લીધેલ છે. સદર તમામ તકરારોનો ન્યાય,નિર્ણય માટે બંને પક્ષકારોની સોગંદ ઉપરની જુબાની, સાક્ષી પુરાવા લીધા વિના પ્રાઈમાફેશી આવી અરજી ન્યાય,નિર્ણય થઈ શકે નહિં અને બીજા પક્ષકારે સદરહુ અરજીમાં માંગેલ દાદ મળી શકે નહિં તેમ જણાવી બીજા પક્ષકારની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપરોકત હકીકત, સદર કામમાં પડેલ પુરાવા,તથા બંને પક્ષકારોની દલીલને ઘ્યાને લેતાં સદરહુ કામે એ હકીકત નિર્વિવાદીત રીતે સ્પષ્ટપણે જણાય આવે છે કે, બીજા પક્ષકારે હાલની **આંક–ર૦** ની અરજી પ્રથમ પક્ષકાર નં.૪ એ મુળ રેફરન્સ કેસમાં રજુ કરેલ લેખિત જવાબના આધારે આપેલ છે. બીજા પક્ષકાર સદર ચાલુ કેસ દરમિયાન ફરજ ઉપર જવા તૈયાર છે અને તેઓએ કામ ઉપર ચઢવા વિનંતી કરેલ હતી. બીજા પક્ષકારની આ અરજીના અનુસંધાને પ્રથમ પક્ષકાર નં.૧ અને ૪ નો લેખિત જવાબ જોતાં તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ થી ૪ ના તરફે હાજર થયેલ એડવોકેટને સાંભળતા તેઓ સદર ચાલુ વિવાદ દરમિયાન બીજા પક્ષકારને ફરજ ઉપર હાજર કરવા તૈયાર નથી તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે. આ સંજોગોમાં આ કોર્ટ આ તબકકે બીજા પક્ષકારની હાલની અરજીનાં અનુસંધાને વધુ કોઈ હુકમ કરી શકે તેમ નથી. બીજા પક્ષકારની હાલની અરજી સદરહુ રેફરન્સના આખરી નિકાલ વખતે બંને પક્ષકારોની રજુઆતોને ઘ્યાને લઈ ન્યાય,નિર્ણય કરવો તેમ ઠરાવવામાં આવે તો બંને પક્ષે ન્યાયનું હિત જળવાય રહે તેમ મારૂ માનવુ છે અને તેથી હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુ ક મ ::–**

૧. બીજા પક્ષકારની સદરહુ અરજીનો મુળ રેફરન્સ કેસના આખરી નિકાલ વખતે બંને પક્ષકારોની રજુઆતોને ઘ્યાને લઈ ન્યાય,નિર્ણય કરવો તેમ આથી ઠરાવવામાં આવે છે.

ર. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**સુરત**
**તા.૧ર/૧/ર૦૧૬**

**(રાજુ નટવરલાલ પટેલ)**
Unique Identification
Code No.GJ00789,
**પ્રિસાઈડીંગ ઓફીસર, લેબરકોર્ટ, સુરત.**